# સુરત મહાનગર પાલિકા

| | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |

(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૧૩૦૧, તા.૧૩/૦૮/૨૦૨૦

અરજદાર :– શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળ :– ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી જાહેર બાગબગીચા ખાતુ
ફરીયાદની હકીકત :– આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી.

સંદર્ભ :– ૧. સા.વે.ઝોન/આઈ.ડી.નં.૨૨, તા.૧૨/૦૬/૨૦
૨. પી.પી.જી./ઈ.નં./૬૪૮,તા.૧૮/૦૬/૨૦૨૦
૩. પી.પી.જી./આ.વ.નં./૩૬૬, તા.૧૮/૦૬/૨૦૨૦.

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી. અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી સુ.મ.પા.માં વૃક્ષારોપણ ડીપોઝીટ પેટે છેલ્લા ૧૦ વર્ષની માહિતી માંગવામાં આવેલ. જે માહિતી ગાર્ડન વિભાગના કાર્યક્ષેત્રને લાગુ પડતી ન હોવાથી પી.પી.જી./આ.વ.નં./૩૬૬, તા.૧૮/૦૬/૨૦૨૦ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી/ડે.ઈજનેરશ્રી (ટાઉન પ્લાનીંગ) શહેર વિકાસ ખાતાને ટ્રાન્સફર કરવામાં આવેલ હતી. પરંતુ અરજદાર દ્વારા પ્રથમ અપીલ નં.૨૨, તા.૧૦/૦૮/૨૦૨૦ થી કરવામાં આવેલ અપીલ અત્રેના ગાર્ડન વિભાગને આપવામાં આવેલ. જે અન્વયે પત્ર પી.પી.જી./આ.વ.નં./૭૫૨, તા.૧૭/૦૮/૨૦૨૦ થી જાણ કર્યા મુજબ તા.૨૧/૦૮/૨૦૨૦ ના સાંજે ૫:૦૦ કલાકે વિવાદીશ્રીની હાજરીમાં સુનવણી કરતા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી લાગુ પડતી ન હોય, ટ્રાન્સફર કરવામાં આવેલ છે. જે અનુસાર નીચે જણાવ્યા મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારી અપીલ અન્વયે અરજદારશ્રી અપીલમાં રૂબરૂ હાજર રહેલ. પરંતુ વિવાદીશ્રી દ્વારા માંગેલ માહિતી ગાર્ડન વિભાગા કાર્યક્ષેત્રને લાગુ પડતી નથી. જે ધ્યાને લઈ પ્રથમ અપીલ સાઉથ વેસ્ટ ઝોનના અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીને ઘટિત કાર્યવાહી માટે પરત તબદીલ કરતો હુકમ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.૭૮૭
તા.૨૧/૦૮/૨૦૨૦

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગબગીચા ખાતુ

**ન.ર. :**
**૧. પ્રતિ,**
શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા

| સુરત મહાનગર પાલિકા | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |


(૧) અપીલ અરજી નં. પી.પી.જી./ઈ.નં./૧૦૯૦, તા.૨૦/૦૭/૨૦૨૦

અરજદાર :– શ્રી ક્રિષ્નાભાઈ આર. ભદાણે
સામાવાળ :– ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી જાહેર બાગબગીચા ખાતુ
ફરીયાદની હકીકત :– આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી ક્રિષ્નાભાઈ આર. ભદાણેની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી.

સંદર્ભ :– ૧. પી.પી.જી./ઈ.નં./૬૬૪, તા.૧૮/૦૬/૨૦૨૦. (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૪૩૫૩૪)
૨. પી.પી.જી./આ.વ.નં./૫૭૧, તા.૧૩/૦૭/૨૦૨૦.
૩. પી.પી.જી./આ.વ.નં./૮૩૩, તા.૩૧/૦૭/૨૦૨૦.
૪. પી.પી.જી./ઈ.નં.//૧૮૫૪, તા.૦૧/૧૦/૨૦૨૦.
૫. રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા માટેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૫૮૦, તા.૦૪/૧૨/૨૦૨૦

શ્રી ક્રિષ્નાભાઈ આર. ભદાણેની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી સમયસર ન મળતા પી.પી.જી./ઈ.નં./૧૦૯૦, તા.૨૦/૦૭/૨૦૨૦ થી અપીલ કરેલ છે. અરજાદરે સંદર્ભ ક્રમાંક ૧ થી મળેલ અરજી અન્વયે અજરદારને સંદર્ભ ક્રમાંક ૨ થી ગાર્ડન વિભાગમાં કોન્ટ્રાકરટોની માહિતી આપવામાં આવેલ અને જરૂરી માહિતી એકત્રિત સ્વરૂપે ન હોવાથી જે તે સંબંધિત કર્મચારીનો સંપર્ક કરી નિયમોનુસાર ઈન્સ્પેકશન અને ઉપલબ્ધ રેકોર્ડ મુજબના નાણાં ભરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદારે નાણાં ન ભરતા અપીલ અરજી કરેલ તેમજ અરજદાર તા.૨૦/૦૭/૨૦૨૦ ના રોજ અત્રેની કચેરીએ મુલાકાત લેતા તેમને રૂબરૂમાં નકલ બપોરે ૧:૧૫ કલાકે આપવામાં આવેલ હતી. જે અન્વયેપી.પી.જી./આ.વ.નં./૧૫૮૦, તા.૦૪/૧૨/૨૦૨૦ થી તા.૧૦/૧૧/૨૦૨૦ ના સાંજે ૫:૦૦ કલાકે અરજદારશ્રીની હાજરીમાં સુનવણી કરતા

**હુકમ**

અરજદારી અપીલ અન્વયે અરજદારશ્રી અપીલમાં રૂબરૂ હાજર રહેલ. અરજદારને માહિતી નિયત સમયર્યાદામાં મળેલ નથી. જેમની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા પ્રત્યુતર સમય મર્યાદામાં આપેલ છે. પરંતુ ટપાલ પ્રક્રિયાના કારણે અરજદારને માહિતી સમયસર મળેલ નથી. જે ધ્યાને લઈ અરજદારને તેમની અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા સમયસર જરૂરી માહિતી આપેલ છે. પરંતુ ટપાલ પ્રક્રિયા કારણે મોડુ થયેલ હોવાથી રેકોર્ડ વિના મૂલ્યે આપવા જણાવવામાં આવેલ છે અને અરજી દફતરે કરતો હુકમ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.
તા.૧૦/૧૨/૨૦૨૦

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગબગીચા ખાતુ

**ન.ર. :**
**પ્રતિ,**
શ્રી ક્રિષ્નાભાઈ આર. ભદાણે

| સુરત મહાનગર પાલિકા | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |



(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૧૨૯૧, તા.૧૩/૦૮/૨૦૨૦

અરજદાર :– શ્રી બ્રિજેશ પટેલ
સામાવાળ :– ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી જાહેર બાગબગીચા ખાતુ
ફરીયાદની હકીકત :– આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી બ્રિજેશ પટેલની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતીના કોઈ પણ મુદ્દાનો પ્રત્યુતર ન મળવા બાબત.

સંદર્ભ : – ૧. પત્ર આઈ.ડી.નં.૧૯૨, તા.૨૯/૦૬/૨૦૨૦ ની અરજી બાબત.(કમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૪૩૪૧૭)
૨. પી.પી.જી./ઈ.નં./૮૭૬, તા.૩૦/૦૬/૨૦૨૦.
૩. પી.પી.જી./આ.વ.નં./૬૧૨, તા.૨૧/૦૭/૨૦૨૦.
૪. અંતિમ યાદપત્ર પી.પી.જી./આ.વ.નં./૭૨૮, તા.૧૦/૦૮/૨૦૨૦.
૫. રૂબરૂ સુનવણીમાં હાજર રહેવાનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૭૫૩, તા.૧૭/૦૮/૨૦૨૦.

શ્રી બ્રિજેશ પટેલની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતીના કોઈ પણ મુદ્દાનો પ્રત્યુતર ન મળવાથી નારાજ હોય, માહિતી અધિનિયમની જોગવાઈ મુજબ અપીલ અધિકારીને અરજી કરતા તા.૨૧/૦૮/૨૦૨૦ ના રોજ હાજર રહેવા આપને લેખિત પત્ર મોકલવા આવેલ હતો. વિવાદીની અરજી અન્વયે સંદર્ભ ૩ અને ૪ થી જરૂરી માહિતી આપેલ અને રેકોર્ડ માટે રૂા.૨૮/– જમા કરાવવા જણાવેલ હતું. પરંતુ અરજદારે નાણાં ન જમા કરાવેલ અને પ્રથમ અપીલ કરતા તા.૨૧/૦૮/૨૦૨૦ ના રોજ અપીલ અધિકારી સમક્ષ સુનવણી માહિતી ન મળવાનું જણાવતા વિવાદીશ્રીને રૂબરૂ સુનવણીના દિવસે પત્રની નકલ આપવામાં આવેલ હતી અને રેકોર્ડ માટે રૂા.૨૮/– જમા કરાવ્યેથી આપવામાં આવશે. એમ જણાવવામાં આવેલ છે. જે ધ્યાને લઈ અપીલ અધિકારીશ્રી દ્વારા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારી અપીલ અન્વયે અરજદારશ્રી અપીલમાં રૂબરૂ હાજર રહેતા હતા. જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારને જે તે સમયે માહિતી આપવામાં આવેલ છે અને રૂા.૨૮/– અન્યે રેકોર્ડના નાણાં જમા કરાવવા જણાવવામાં આવેલ છે. જે મુજબના નાણાં જમા કરાવ્યેથી વિવાદીશ્રીને અપીલ અન્વયે માહિતી આપવા જણાવવામાં આવે છે તથા અરજદારને ટપાલ માહિતી ન મળ્યાની તેમની રજુઆત ધ્યાને લઈ આપેલ જવાબની નકલ આપવા જણાવવામાં આવે છે અને અપીલ અરજી દફતરે કરતો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.
તા.૨૮/૦૮/૨૦૨૦

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગબગીચા ખાતુ

ન.ર. :
**પ્રતિ,**
શ્રી બ્રિજેશ પટેલ

| સુરત મહાનગર પાલિકા | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |

(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૧૭૩૭, તા.૨૨/૦૯/૨૦૨૦ (૨૦૨૦૩૦૦૦૨૭૮)

અરજદાર :– શ્રી વિરલ વિજયકુમાર ચાંપાનેરી
સામાવાળ :– ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી જાહેર બાગબગીચા ખાતુ
ફરીયાદની હકીકત :– આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી વિરલ વિજયકુમાર ચાંપાનેરીની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ ન મળવા બાબત.

સંદર્ભ : –(૧) પત્ર આઈ.ડી.નં.૪૯૭, તા.૨૫/૦૮/૨૦૨૦ ની અરજી બાબત. (કમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૪૩૮૪૩)
(૨) પી.પી.જી./ઈ.નં./૧૪૫૫, તા.૨૮/૦૮/૨૦૨૦.
(૩) પી.પી.જી./આ.વ.નં./૧૦૦૯, તા.૧૯/૦૯/૨૦૨૦.
(૪) રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા માટેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૫૭૬, તા.૦૩/૧૨/૨૦૨૦

શ્રી વિરલ વિજયકુમાર ચાંપાનેરીની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી ન મળતા અન્વયે જાહેર માહિતી અધિકારીના પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૦૦૯, તા.૧૯/૦૯/૨૦૨૦ થી અરજદારને છેલ્લા ૭ વર્ષની માંગેલ માહિતી અન્વયે ઉપલબ્ધ રેકોર્ડ મુજબ વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૫ થી ઉપલબ્ધ માહિતીના પાના નંગ–૧૮ ના કુલ રૂા.૩૬/– જમા કરાવવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદારને જમા કરાવેલ ન હતા અને તેમની અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૧૭૩૭, તા.૨૨/૦૯/૨૦૨૦ (૨૦૨૦૩૦૦૦૨૭૮) થી અપીલ કરેલ હતી. જે અન્વયે સંદર્ભ ક્રમાંક (૪) થી તા.૧૦/૧૧/૨૦૨૦ ના સાંજે ૫:૦૦ કલાકે અરજદારશ્રીની હાજરીમાં સુનવણી

**હુકમ**

અરજદારી અપીલ અન્વયે અરજદારશ્રી અપીલમાં રૂબરૂ હાજર રહેલ. અરજદારને માહિતી નિયત સમયમર્યાદામાં મળેલ નથી. જેમની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા પ્રત્યુતર સમય મર્યાદામાં આપેલ છે. પરંતુ ટપાલ પ્રક્રિયાના કારણે અરજદારને માહિતી સમયસર મળેલ નથી. જે ધ્યાને લઈ અરજદારને તેમની અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા સમયસર જરૂરી માહિતી આપેલ છે. પરંતુ ટપાલ પ્રક્રિયા કારણે મોડુ થયેલ હોવાથી રેકોર્ડ વિના મૂલ્યે આપવા જણાવવામાં આવેલ છે અને અરજી દફતરે કરતો હુકમ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.
તા.૧૦/૧૨/૨૦૨૦

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગબગીચા ખાતુ

**ન.ર. :**
**પ્રતિ,**
શ્રી વિરલ વિજયકુમાર ચાંપાનેરી

| સુરત મહાનગર પાલિકા | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |

(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૧૭૨૦, તા.૨૧/૦૯/૨૦૨૦ (૨૦૨૦૩૦૦૦૨૭૧)

અરજદાર :— શ્રી રાજુભાઈ સી. ઠક્કર
સામાવાળ :— ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી જાહેર બાગબગીચા ખાતુ
ફરીયાદની હકીકત :— આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી રાજુભાઈ સી. ઠક્કરની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી ન મળવા બાબત.

સંદર્ભ :—(૧) પત્ર આઈ.ડી.નં.૬૭૪, તા.૦૯/૦૯/૨૦૨૦ ની અરજી બાબત. (કમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૪૪૦૬૦)
(૨) પી.પી.જી./ઈ.નં./૧૬૧૦, તા.૧૦/૦૯/૨૦૨૦.
(૩) પી.પી.જી./આ.વ.નં./૯૯૬, તા.૧૮/૦૯/૨૦૨૦.
(૪) રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા માટેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૫૭૫, તા.૦૩/૧૨/૨૦૨૦

શ્રી રાજુભાઈ સી. ઠક્કરની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી ન મળવાથી અપીલ કરેલ છે. અરજદારની માહિતી માંગતી અરજી ગાર્ડન વિભાગને પી.પી.જી./ઈ.નં./૧૬૧૦, તા.૧૦/૦૯/૨૦૨૦ થી મળેલ અને જે માટે ઉપલબ્ધ રેકોર્ડ મુજબ અરજીના મુદ્દા નં.૪,૨૩ અને ૨૪ મુજબ સુરત ડુમસ રોડને ઓ.એન.જી.સી. બ્રીજથી એરપોર્ટ ગેટ વે સુધીના રોડના વિકાસ કામમાં નડતરરૂપ વૃક્ષો ટ્રાન્સપ્લાન્ટ, કાપીને દુર કરવા વિગેરે માહિતી સંદર્ભ ક્રમાંક (૩) થી આપવામાં આવેલ અને રેકોર્ડ માટેના પાના નંગ–૧૮ તથા નકશાના ચાર્જ પેટે કુલ રૂા.૯૬/– સુ.મ.પા. ના જમા કરાવવા જણાવવામાં આવેલ પરંતુ અરજદારને માહિતી આપવાની છેલ્લી તા.૦૮/૧૦/૨૦૨૦ પહેલા એટલે પી.પી.જી./ઈ.નં./૧૭૩૦, તા.૨૧/૦૯/૨૦૨૦ થી અરજદાર દ્વારા અપીલ કરેલ છે. જેથી અરજદારને અપીલ તા.૧૦/૧૨/૨૦૨૦ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે અરજદારશ્રી હાજર રહેલ અને તેમાં જાહેર માહિતી અધિકારી દ્વારા સમયસર અને પુરતી માહિતી આપી રેકોર્ડ માટેના નાણાં રૂા.૯૬/– જમા કરાવવા જણાવવામાં આવેલ છે. જે બાબતથી અરજદારને માહિતગાર કરેલ અને તા.૧૦/૧૨/૨૦૨૦ ના રૂબરૂમાં તેની નકલ પણ આપી અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારી અપીલ અન્વયે અરજદારશ્રી અપીલમાં રૂબરૂ હાજર રહેલ. અરજદારને માહિતી નિયત સમયર્યાદામાં મળેલ નથી. જેમની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા પ્રત્યુતર સમય મર્યાદામાં આપેલ છે. અરજદારને માહિતીનો રેકોર્ડ મેળવવા સુ.મ.પા.ની રસીદ નં.૩૦૦/૧૧૦, તા.૧૧/૧૨/૨૦૨૦ ના રોજ નાણાં ભરેલ છે. જે મુજબ માહિતીના પાના નં.૧૮ અને નકશાની નકલ આ સાથે સામેલ છે. જે ધ્યાને લઈ અરજદારને તેમની અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા સમયસર જરૂરી માહિતી આપેલ છે. સુનવણીમાં જણાવ્યા મુજબ અરજી દફતરે કરતો હુકમ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.
તા.૧૪/૧૨/૨૦૨૦

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગબગીચા ખાતુ

**ન.ર. :**
**પ્રતિ,**
શ્રી રાજુભાઈ સી. ઠક્કર

| સુરત મહાનગર પાલિકા | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |


**(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૨૩૧૦, તા.૦૫/૧૧/૨૦૨૦**

**અરજદાર :– શ્રી સંદિપ એ. ખંબાયત**
**સામાવાળ :– ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી જાહેર બાગબગીચા ખાતુ**
**ફરીયાદની હકીકત :– આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી સંદિપ એ. ખંબાયતની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી.**

**સંદર્ભ : – (૧) પત્ર આઈ.ડી.નં.૨૩૭, તા.૦૫/૧૦/૨૦૨૦ ની અરજી બાબત.**
**(૨) પી.પી.જી./ઈ.નં./૧૯૬૬, તા.૦૯/૧૦/૨૦૨૦.**
**(૩) પી.પી.જી./આ.વ.નં./૧૩૫૮, તા.૨૯/૧૦/૨૦૨૦.**
**(૪) રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા માટેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૪૦૫, તા.૦૭/૧૧/૨૦૨૦**

**શ્રી સંદિપ એ. ખંબાયતની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી સમયરસર આપવામાં આવેલ છે. અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી સુ.મ.પા.ના ગાર્ડન વિભાગમાં અમુલ, સુમુલ અથવા અન્ય કેન્ટીનો ચાલતા હોય તેની માહિતી માંગવામાં આવેલ. જે માહિતી ગાર્ડન વિભાગ દ્વારા પી.પી.જી./આ.વ.નં./૧૩૫૮, તા.૨૯/૧૦/૨૦૨૦ થી જાહેર માહિતી અધિકારી માહિતી આપવામાં આવેલ હતી. પરંતુ અરજદાર દ્વારા પ્રથમ અપીલ પી.પી.જી./ઈ.નં./૨૩૧૦, તા.૦૫/૧૧/૨૦૨૦ થી કરતા પી.પી.જી./આ.વ.નં./૧૪૦૫, તા.૦૭/૧૧/૨૦૨૦ થી જાણ કર્યા મુજબ તા.૧૦/૧૧/૨૦૨૦ ના સાંજે ૫:૦૦ કલાકે અરજદારશ્રીની હાજરીમાં સુનવણી કરતા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી પ્રત્યુતર સમયસર આપેલ પંરતુ ટપાલ પ્રક્રિયાના કારણે માહિતી સમયસર ન મળેલ ન હતી. જે અનુસાર નીચે જણાવ્યા મુજબ હુકમ કરવામાં આવે છે.**

**હુકમ**

**અરજદારી અપીલ અન્વયે અરજદારશ્રી અપીલમાં રૂબરૂ હાજર રહેલ. અરજદારને માહિતી નિયત સમયર્યાદામાં મળેલ નથી. જેમની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા પ્રત્યુતર સમય મર્યાદામાં આપેલ છે. પરંતુ ટપાલ પ્રક્રિયાના કારણે અરજદારને માહિતી સમયસર મળેલ નથી. જે ધ્યાને લઈ અરજદારને તેમની અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા સમયસર જરૂરી માહિતી આપેલ છે. પરંતુ ટપાલ પ્રક્રિયા કારણે મોડુ થયેલ હોવાથી રેકોર્ડ વિના મૂલ્યે આપવા જણાવવામાં આવેલ છે અને અરજી દફતરે કરતો હુકમ કરવામાં આવે છે.**

**પી.પી.જી./આ.વ./નં.**
**તા.૧૩/૧૧/૨૦૨૦**

**અપીલ અધિકારી અને**
**ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ**
**જાહેર બાગબગીચા ખાતુ**

**ન.ર. :**
**પ્રતિ,**
**સંદિપ એ. ખંબાયત**

| સુરત મહાનગર પાલિકા | | |
|---|---|---|
| ડૉ. એસ. જે. ગૌતમ<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |

(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૨૪૭૨, તા.૨૪/૧૧/૨૦૨૦

અરજદાર :— શ્રી શરદ ભાઈચંદભાઈ લાલવાલા
સામાવાળ :— ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી જાહેર બાગબગીચા ખાતુ
ફરીયાદની હકીકત તરફથી :— આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી શરદ ભાઈચંદભાઈ લાલવાલાની અરજીથી જાહેર માહિતી અધિકારી માગવામાં આવેલ માહિતી પુરતી આપવામાં આવેલ નથી.

સંદર્ભ : — (૧) અરજી તા.૦૯/૧૦/૨૦૨૦
(૨) પી.પી.જી./ઈ.નં./૧૯૬૭, તા.૦૯/૧૦/૨૦૨૦.
(૩) પી.પી.જી./આ.વ.નં./૧૩૫૫, તા.૨૯/૧૦/૨૦૨૦.
(૪) રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા માટેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૫૨૯, તા.૨૭/૧૧/૨૦૨૦

શ્રી શરદ ભાઈચંદભાઈ લાલવાલાની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી પુરતી આપવામાં આવેલ નથી. અરજદાર દ્વારા આર્શીવાદ રેસીડેન્સીના પ્રમુખ દ્વારા પરવાનગી વિના વૃક્ષ કાપવા અંગે પી.પી.જી./ઈ.નં./૧૫૩૭, તા.૦૪/૦૯/૨૦૨૦ ની આ સાથે બીડેલ ફરીયાદની નકલ પાના નંગ—૪ અન્વયે, અત્રેની કચેરીના પત્ર પી.પી.જી./આ.વ.નં./૩૮૦, તા.૨૦/૦૬/૨૦૨૦ અને પી.પી.જી./આ.વ.નં./૧૧૮૩, તા.૦૬/૧૦/૨૦૨૦ થી આપવામાં આવેલ ૨(બે) નોટીસ તથા જે માટેના એમના ખુલાસા તા.૧૨/૧૦/૨૦૨૦ ગ્રાહય ન રાખતા સુ.મ.પા. ની રસીદ નં.૭૧૪/૧૦, તા.૧૯/૧૦/૨૦૨૦ થી રૂા.૨૫૦૦/— દંડ વસુલ કરવામાં આવેલ છે. જેની મદદનીશ જાહેર માહિતી અધિકારી દ્વારા તેમના ઉપલબ્ધ રેકોર્ડ મુજબ આપવામાં આવેલ પાના નંગ—૫ ના પ્રતિ પાના રૂા.૨/— લેખે કુલ રૂા.૧૦/— અરજદારને પી.પી.જી./આ.વ.નં./૧૩૫૫, તા.૨૯/૧૦/૨૦૨૦ થી માહિતી આપવામાં આવેલ હતી. જે માટે અરજદારે માહિતી પુરતી ન મળવા અંગેના વાંધા સહિત પત્ર તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ સ્વીકારેલ હતો અને અરજદાર દ્વારા પ્રથમ અપીલ પી.પી.જી./ઈ.નં./૨૪૭૨, તા.૨૪/૧૧/૨૦૨૦ થી કરતા પી.પી.જી./આ.વ.નં./૧૫૨૯, તા.૨૭/૧૧/૨૦૨૦ થી જાણ કર્યા મુજબ તા.૦૫/૧૨/૨૦૨૦ ના સાંજે ૫:૦૦ કલાકે અરજદારશ્રીની હાજરીમાં સુનવણી કરતા તેમની રજુઆત મુજબ પ્રમુખશ્રીને આપવામાં આવેલ નોટીસ પી.પી.જી./આ.વ.નં./૧૧૮૩, તા.૦૬/૧૦/૨૦૨૦ ની નકલ આ સાથે સામેલ છે. તેમજ તેમની જાહેર માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીના મુદ્દા નં.ક બાબતે સોસાયટીમાં આવેલ વૃક્ષોના ટ્રીમીંગ કે છેદન માટે પરવાનગી / મંજુરી માટેનો ગાર્ડન વિભાગ દ્વારા કોઈ સંમતિ પત્ર કે હુકમ આપવામાં આવેલ નથી. જે અનુસાર નીચે જણાવ્યા મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારી અપીલ અન્વયે અરજદારશ્રી અપીલમાં રૂબરૂ હાજર રહેલ. અરજદારને માહિતી નિયત સમયર્યાદામાં મળેલ છે. જેમની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા પ્રત્યુતર સમય મર્યાદામાં આપેલ છે. પરંતુ એમની રજુઆત મુજબ ગેરકાયદેસર ટ્રીમીંગ / વૃક્ષ છેદન માટે આપવામાં આવેલ નોટીસ પી.પી.જી./આ.વ.નં./૧૧૮૩, તા.૦૬/૧૦/૨૦૨૦ ની નકલ વિનામૂલ્યે આપવા અને આર્શિવાદ રેસીડેન્સી વિસ્તારમાં ગેરકાયદેસર વૃક્ષોનું છેદન /ટ્રીમીંગ અટકાવવા કાર્યવાહી માટે જણાવેલ. જે બાબતે ઘટિત કાર્યવાહી નિયમોનુસાર થવા હુકમ કરવામાં આવે છે.

અપીલ સુનવણી અન્વયે આર્શિવાદ રેસીડેન્સીમાં પરવાનગી વિના અને પર્યાવરણને નુકશાન ન થાય તે માટે સોસાયટીના તમામ રહીશોએ નીચે જણાવ્યા બાબત સુચનાનો ચુસ્તપણે નિયમોનુસાર અમલ કરવાનો રહે છે.

૧. સોસાયટી કેમ્પસ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના બિનઅધિકૃત પ્રકારે વૃક્ષો કાપવા નહી. જે દંડનીય ગુનો છે.

૨. સોસાયટીના વિસ્તારમાં આવેલ વૃક્ષોની જોખમી શાખાઓ /સુકી શાખાઓનું ટ્રીમીંગ /છટણી કામ વૃક્ષના ઉગાવાને નુકશાન ન થાય તે પ્રકારે હળવી છટણી / ટ્રીમીંગ સોસાયટીના સ્વખર્ચે અને જોખમે કરી શકાય પરંતુ હેવી ટ્રીમીંગ કરવા માટે સુરત મહાનગરપાલિકાની પરવાનગી મેળવવાની રહે છે.

પી.પી.જી./આ.વ./નં.૧૫૯૧
તા.૦૫/૧૨/૨૦૨૦

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગબગીચા ખાતુ

**ન.ર. :**
**પ્રતિ,**
૧. શ્રી શરદ ભાઈચંદભાઈ લાલવાલા

# સુરત મહાનગર પાલિકા

| | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |

**<u>રજીસ્ટર એ.ડી.</u>**

(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૨૪૮૬, તા.૨૫/૧૧/૨૦૨૦

અરજદાર :— શ્રી કૃણાલ હરીશકુમાર સૂર્યવંશી
સામાવાળ :— ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી જાહેર બાગબગીચા ખાતુ
ફરીયાદની હકીકત :— આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી કૃણાલ હરીશકુમાર સૂર્યવંશીની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી પુરતી આપવામાં આવેલ નથી.

સંદર્ભ : — (૧) પત્ર આઈ.ડી.નં.૭૧૮, તા.૦૯/૧૦/૨૦૨૦ ની અરજી બાબત.
(૨) પી.પી.જી./ઈ.નં./૨૨૨૩, તા.૨૮/૧૦/૨૦૨૦.
(૩) પી.પી.જી./આ.વ.નં./૧૩૯૯/૦૧, તા.૦૬/૧૧/૨૦૨૦.
(૪) રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા માટેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૫૪૫, તા.૦૧/૧૨/૨૦૨૦

શ્રી કૃણાલ હરીશકુમાર સૂર્યવંશીની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી પુરતી આપવામાં આવેલ નથી. અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે પી.પી.જી./આ.વ.નં./૧૩૯૯/૦૧, તા.૦૬/૧૧/૨૦૨૦ થી ગાર્ડન વિભાગ દ્વારા પર્યાવરણ જાળવણી હેતુસર પ્લોટમાં તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ રોપવામાં આવેલ ૧૦૦ નંગ ગરમાળા અને ૧૦૦ અન્ય પ્રકારના રોપેલ રોપાની માહિતી અરજદારને આપેલ હતી. જે અન્વયે તેમની અપીલ અરજી પી.પી.જી./ઈ.નં./૨૪૮૬, તા.૨૫/૧૧/૨૦૨૦ થી માહિતી મળેલ નથી અને શિક્ષાત્મક પગલા માટે રજુઆત કરેલ છે. જે અન્વયેપી.પી.જી./આ.વ.નં./૧૫૪૫, તા.૦૧/૧૨/૨૦૨૦ થી જાણ કર્યા મુજબ તા.૦૫/૧૨/૨૦૨૦ ના બપોરે ૧:૦૦ કલાકે અરજદારશ્રીની હાજરીમાં સુનવણી કરતા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી પ્રત્યુતર સમયસર આપેલ છે. પરંતુ મદદનીશ જાહેર માહિતી અધિકારી દ્વારા આપેલ માહિતી અનુસાર માહિતી આપવામાં આવેલ છે. જે અન્વયે અરજદાર દ્વારા અપુરતી મળ્યાની રજુઆત અન્વયે સ્થળ પર બાગ વિકાસ કામે થયેલ કામકાજ અને માહિતી માટે જણાવતા જે માહિતી ગાર્ડન પ્રોજેકટ સેલ દ્વારા સદર સ્થળે સીવીલ કામગીરી કરેલ હોય, અને ગાર્ડન પ્રોજેકટ સેલ દ્વારા માહિતી આપેલ ન હોય, અપીલ અરજી અરજદારને આપવા માટે ટ્રાન્સફર કરવા હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

અરજદારી અપીલ અન્વયે અરજદારશ્રી અપીલમાં રૂબરૂ હાજર રહેલ. અરજદારને માહિતી નિયત સમયર્યાદામાં મળેલ છે. જેમની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા પ્રત્યુતર સમય મર્યાદામાં આપેલ છે. પરંતુ ગાર્ડન પ્રોજેકટ સેલ દ્વારા સદર સ્થળે બાગબાની વિકાસ કામે કરેલ સીવીલ કામગીરી માટે માહિતી આપેલ ન હોય, અપીલ અરજી ગાર્ડન પ્રોજેકટ સેલને ટ્રાન્સફર કરતો હુકમ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.૧૫૮૭
તા.૦૫/૧૨/૨૦૨૦

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગબગીચા ખાતુ

**ન.ર. :**
. શ્રી કૃણાલ હરીશકુમાર સૂર્યવંશી

| સુરત મહાનગર પાલિકા | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |


(૧) અપીલ અરજી નં. પી.પી.જી./ઈ.નં./૨૫૫૯, તા.૦૨/૧૨/૨૦૨૦

અરજદાર :– શ્રી કૃણાલ હરીશકુમાર સૂર્યવંશી
સામાવાળ :– ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી જાહેર બાગબગીચા ખાતુ
ફરીયાદની હકીકત :– આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી કૃણાલ હરીશકુમાર સૂર્યવંશીની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી પુરતી આપવામાં આવેલ નથી.

સંદર્ભ : – (૧) પત્ર આઈ.ડી.નં.૩૬૩, તા.૧૨/૧૦/૨૦૨૦ ની અરજી બાબત.
(૨) પી.પી.જી./ઈ.નં./૨૨૫૦, તા.૨૯/૧૦/૨૦૨૦.
(૩) પી.પી.જી./આ.વ.નં./૧૪૩૩/૦૧, તા.૦૯/૧૧/૨૦૨૦.
(૪) રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા માટેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૫૫૯, તા.૦૨/૧૨/૨૦૨૦

શ્રી કૃણાલ હરીશકુમાર સૂર્યવંશીની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી પુરતી આપવામાં આવેલ નથી. અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયેપી.પી.જી./આ.વ.નં./૧૪૩૩/૦૧, તા.૦૯/૧૧/૨૦૨૦ થી ગાર્ડન વિભાગ દ્વારા પર્યાવરણ જાળવણી હેતુસર પ્લોટમાં તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ રોપવામાં આવેલ ૧૦૦ નંગ ગરમાળા અને ૧૦૦ અન્ય પ્રકારના રોપેલ રોપાની માહિતી અરજદારને આપેલ હતી. જે અન્વયે તેમની અપીલ અરજી પી.પી.જી./ઈ.નં./૨૫૫૯, તા.૦૨/૧૨/૨૦૨૦ થી માહિતી મળેલ નથી અને શિક્ષાત્મક પગલા માટે રજુઆત કરેલ છે. જે અન્વયે પી.પી.જી./આ.વ.નં./૧૫૫૯, તા.૦૨/૧૨/૨૦૨૦ થી જાણ કર્યા મુજબ તા.૦૫/૧૨/૨૦૨૦ ના ના બપોરે ૧:૦૦ કલાકે અરજદારશ્રીની હાજરીમાં સુનવણી કરતા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી પ્રત્યુતર સમયસર આપેલ છે. પરંતુ મદદનીશ જાહેર માહિતી અધિકારી દ્વારા આપેલ માહિતી અનુસાર માહિતી આપવામાં આવેલ છે. જે અન્વયે અરજદાર દ્વારા અપુરતી મળ્યાની રજુઆત અન્વયે સ્થળ પર બાગ વિકાસ કામે થયેલ કામકાજ અને માહિતી માટે જણાવતા જે માહિતી ગાર્ડન પ્રોજેકટ સેલ દ્વારા સદર સ્થળે સીવીલ કામગીરી કરેલ હોય, અને ગાર્ડન પ્રોજેકટ સેલ દ્વારા માહિતી આપેલ ન હોય, અપીલ અરજી અરજદારને આપવા માટે ટ્રાન્સફર કરવા હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારી અપીલ અન્વયે અરજદારશ્રી અપીલમાં રૂબરૂ હાજર રહેલ. અરજદારને માહિતી નિયત સમયર્યાદામાં મળેલ છે. જેમની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા પ્રત્યુતર સમય મર્યાદામાં આપેલ છે. પરંતુ ગાર્ડન પ્રોજેકટ સેલ દ્વારા સદર સ્થળે બાગબાની વિકાસ કામે કરેલ સીવીલ કામગીરી માટે માહિતી આપેલ ન હોય, અપીલ અરજી ગાર્ડન પ્રોજેકટ સેલને ટ્રાન્સફર કરતો હુકમ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.૧૫૮૮
તા.૦૫/૧૨/૨૦૨૦

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગબગીચા ખાતુ

**ન.ર. :**
**પ્રતિ,**
શ્રી કૃણાલ હરીશકુમાર સૂર્યવંશી

# સુરત મહાનગર પાલિકા

| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |
|---|---|---|

(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૨૭૦૦, તા.૧૫/૧૨/૨૦૨૦ (૨૦૨૦૩૦૦૦૪૬૧)

અરજદાર :– શ્રી ગૌતમભાઈ ચંદુભાઈ પટેલ
સામાવાળ :– ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી જાહેર બાગબગીચા ખાતુ
ફરીયાદની હકીકત :– આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી ગૌતમભાઈ ચંદુભાઈ પટેલની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી નિયત સમયગાળામાં કોઈ પણ પ્રકારની માહિતી પુરી પાડવામાં આવેલ નથી તેમજ જાણ કરવામાં આવેલ નથી.

સંદર્ભ : – (૧) પત્ર આઈ.ડી.નં.૩૩૮, તા.૦૭/૧૧/૨૦૨૦ ની અરજી બાબત.(૩૦૦/૪૪૮૯૦)
(૨) પી.પી.જી./ઈ.નં./૨૩૮૯, તા.૧૧/૧૧/૨૦૨૦.
(૩) પી.પી.જી./આ.વ.નં./૧૫૧૮, તા.૨૫/૧૧/૨૦૨૦.
(૪) રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા માટેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૬૬૫, તા.૧૮/૧૨/૨૦૨૦

શ્રી ગૌતમભાઈ ચંદુભાઈ પટેલની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી માગવામાં આવેલ માહિતી ન મળતા અપીલ અરજી પી.પી.જી./ઈ.નં./૨૭૦૦, તા.૧૫/૧૨/૨૦૨૦ અરજી મળેલ છે. અરજદારની નમુના–ક અંતર્ગત મળેલ અરજી અન્વયે ગાર્ડન વિભાગના જાહેર માહિતી અધિકારીના પત્ર દ્વારા પી.પી.જી./આ.વ.નં./૧૫૧૮, તા.૨૫/૧૧/૨૦૨૦ થી નીલ માહિતી જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર દ્વારા અપીલ અરજી અન્વયે માહિતી અધિકારી તરફથી માહિતી નિયત સમયગાળામાં કોઈ પણ પ્રકારની માહિતી પુરી પાડવામાં આવેલ નથી તેમજ જાણ કરવામાં આવેલ નથી એમ જણાવી અપીલ કરેલ છે. જે અન્વયે સંદર્ભ ક્રમાંક (૪) મુજબ તા.૨૩/૧૨/૨૦૨૦ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે અરજદારશ્રીની હાજરીમાં સુનવણી કરવામાં આવેલ. અરજદારની નમુના–ક અંતર્ગત મળેલ અરજી અન્વયે ગાર્ડન વિભાગના જાહેર માહિતી અધિકારીના પત્ર દ્વારા પી.પી.જી./આ.વ.નં./૧૫૧૮, તા.૨૫/૧૧/૨૦૨૦ થી નીલ માહિતી જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર દ્વારા અપીલ અરજી અન્વયે માહિતી અધિકારી તરફથી માહિતી નિયત સમયગાળામાં કોઈ પણ પ્રકારની માહિતી પુરી પાડવામાં આવેલ નથી તેમજ જાણ કરવામાં આવેલ નથી એમ જણાવી અપીલ કરેલ છે. જે અન્વયે સંદર્ભ ક્રમાંક (૪) મુજબ તા.૨૩/૧૨/૨૦૨૦ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે અરજદારશ્રીની હાજરીમાં સુનવણી કરવામાં આવેલ. જેમાં અરજદાર દ્વારા તેમને માહિતી આપતો પત્ર મળેલ નથી એમ જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી સમયસર મોકલવામાં આવેલ છે જે માટેની ગાર્ડન ખાતાના ડીસ્પેચ વિભાગની પ્યુનબુક અને મુખ્ય કચેરી ખાતેના પોસ્ટલ ફ્રેન્કીંગ મશીન ડીસ્પેચ રજીસ્ટરની નકલના પાના નં.૧૩૪ માં જણાવ્યા મુજબ તા.૨૫/૧૧/૨૦૨૦ ટપાલ અરજદારને મોકલવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી અત્રેના વિભાગને લાગુ પડતી નથી. જેથી નીલ માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અપીલ કર્તા દ્વારા જો માહિતી લાગુ પડતી ન હોય, તો ખોટી માહિતી ટ્રાન્સફર બાબતે સંબંધિત વિભાગને ફરી પરત મોકલાવવી જોઈએ એમ જણાવેલ તેમજ આર.ટી.આઈ.ના સમયગાળાનો દુરઉપયોગ કરવામાં આવેલ છે અને ખોટી રીતે અમો અરજદારને ગુમરાહ કરવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારને માહિતી આપતા પત્ર અત્રેની કચેરીને ઝોન માંથી ટ્રાન્સફરથી મળેલ છે. જેથી ટ્રાન્સફર કરવાની જરૂરીયાત જણાતી નથી. જે અપીલ કર્તાએ માન્ય રાખેલ નથી અને અપીલ અરજી ટ્રાન્સફર કરવા જણાવેલ છે.

**હુકમ**

અરજદારી અપીલ અન્વયે અરજદારશ્રી અપીલમાં રૂબરૂ હાજર રહેલ. અરજદારને માહિતી નિયત સમયર્યાદામાં મળેલ નથી. જેમની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા પ્રત્યુતર સમય મર્યાદામાં આપેલ છે. જે માટેની ગાર્ડન ખાતાના ડીસ્પેચ વિભાગની પ્યુનબુક અને મુખ્ય કચેરી ખાતેના પોસ્ટલ ફ્રેન્કીંગ મશીન ડીસ્પેચ રજીસ્ટરની નકલના પાના નં.૧૩૪ માં જણાવ્યા મુજબ તા.૨૫/૧૧/૨૦૨૦ ટપાલ અરજદારને સમયસર મોકલવામાં આવેલ જણાયેલ છે. જે ધ્યાને લઈ અરજદારને તેમની અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા સમયસર જરૂરી માહિતી આપેલ છે. પરંતુ ટપાલ પ્રક્રિયા કારણે મોડુ થયેલ જણાય છે. તથા અરજદારની રજુઆત મુજબ અરજી અન્વયે લાગુ પડતી માહિતી આપવા માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સાઉ ઝોન/ સાઉથ ઈસ્ટ)ઝોનને ટ્રાન્સફર કરતો હુકમ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.૧૭૫૮
તા.૦૨/૦૧/૨૦૨૧

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગબગીચા ખાતુ

**ન.ર. :**
**પ્રતિ,**
શ્રી ગૌતમભાઈ ચંદુભાઈ પટેલ